## ચૂંટણી ચોતરેથી

● આજે મન કી બાત સાંભળવા પચાસ હજાર મતદારો બેસે એવું ભાજપનું આયોજન છે.

● વડોદરાના પૂર્વ મેયર અને ભાજપના આગેવાન ભરત ડાંગરની મિલકત સંદર્ભે ફરતી પત્રિકાઓથી સર્જાયો વિવાદ.

● પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીના જીવનકવન અંગે લખાયેલ પુસ્તક 'નવસર્જનના પ્રણેતા'નું વિમોચન થશે.

● બાપુનગર વિધાનસભા બેઠક પર કોંગ્રેસમાંથી નિશ્ચિત મનાતા હિંમતસિંહના નામ સામે ઉગ્ર દેખાવો થયા હતા. યુવક કોંગ્રેસ દ્વારા કોંગ્રેસની ઓફિસ સામે વિરોધ દર્શાવી વિરોધ પ્રદર્શન કર્યું હતું.

● આજે અને કાલે પ્રથમ તબક્કાની ૮૯ બેઠકો પર એક સાથે ભાજપની જાહેરસભા યોજાશે. જેમાં પ્રધાનમંત્રી, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ સહિત ૧૧ કેન્દ્રિય મંત્રીઓ અને ત્રણ રાજયના મુખ્યમંત્રીઓ સભાઓ ગજવશે.

● ભાજપના જાણીતા નીતિકાર અને પક્ષના વરિષ્ઠ ઉપપ્રમુખ ઓમ માથુર અમદાવાદ આવી પહોંચતા સીધા કમલમ્ પહોંચી ગયા હતા.

● તાજેતરમાં પાસમાંથી ભાજપમાં જોડાયેલ વરૂણ પટેલનું નામ ભાજપના પ્રવક્તાની યાદીમાં જાહેર કરાયું છે.

● બાયડના અમરગઢ પાટીયા પાસે રાહુલ ગાંધીના પ્રવાસ સામે કાળા વાવટા દર્શાવી વિરોધ કરાયો હતો.

● કોંગ્રેસ ચૂંટણીમાં નવુ સુત્ર લાવી રહી છે ગુજરાત આવે છે, નવસર્જન લાવે છે.

● દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે મોદી વિરૂદ્ધ પ્રજાની ચૂંટણી યોજાશે એમ કહ્યું હતું.

● 'જાદુથી જ ચૂંટણી જીતાતી હોત તો જાદુગર જ દેશનો પ્રધાનમંત્રી હોત' એવુ વિવાદાસ્પદ નિવેદન ટ્વીટ દ્વારા આજે હાર્દિક પટેલે કર્યુ છે.

● વાઘોડિયાના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવે જાહેરાત કરી છે કે ભાજપની ટીકીટ મને જ મળે છે.

# આજે 'મન કી બાત'ને અમિત શાહ તંબુ ચોકી પાસે સાંભળશે



ગુજરાતભરમાં આવતીકાલે નરેન્દ્ર મોદીના 'મન કી બાત' કાર્યક્રમને રાજયની ૧૮૨ વિધાનસભા બેઠક વિસ્તારોમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ સહિતના આગેવાનો અને કાર્યકર્તાઓ ૫૦૦૦૦થી વધુ લોકો જોડાઈને સાંભળશે.

રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ અમદાવાદ શહેરના દરિયાપુર વિધાનસભા વિસ્તારમાં આવેલી તંબુચોકી - વાડીગામ પાસે 'મન કી બાત, ચાય કે સાથ' કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

ભારતીય જનતા પાર્ટી-બીજેપી દ્વારા તા. ૨૬ નવેમ્બરને આવતીકાલે ગુજરાતના ૫૦,૦૦૦ જેટલા બુથો પર 'મન કી બાત, ચાય કે સાથ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમ અંતર્ગત ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ અમદાવાદ મહાનગરના દરિયાપુર વિધાનસભા મત વિસ્તારના ૫૮ નંબરના બુથ ઉપર તંબુચોકી, વાડીગામ પાસે કાર્યકરો વચ્ચે ઉપસ્થિત રહેશે.

અમિત શાહ તેમજ તેમની સાથે અનેક આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ''મન કી બાત'' કાર્યક્રમને સાંભળશે.

તા. ૨૬ નવેમ્બરના રોજ રાજ્યના ૫૦,૦૦૦ જેટલાં બુથો પર યોજાનાર 'મન કી બાત, ચાય કે સાથ' કાર્યક્રમમાં ગુજરાતની તમામ ૧૮૨ વિધાનસભા બેઠકો પર ભાજપના આગેવાનો ઉપસ્થિત રહેશે. ભાજપના રાષ્ટ્રીય નેતાઓનો તા. ૨૬, નવેમ્બરના રોજ આ સ્થળે ઉપસ્થિત રહેશે.

જેમાં કેન્દ્રીય નાણાંમંત્રી અરૂણ જેટલી સુરતના અડાજણ ખાતે મહાલક્ષ્મી મંદિર ખાતે, ભાજપના રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી રામલાલજી, બુથ નં. ૯૬-૯૭, રાજકોટ પશ્ચિમ વિધાનસભા વિસ્તાર ખાતે, રાષ્ટ્રીય સહસંગઠન મંત્રી વી. સતીષ અમદાવાદના અસારવા વિધાનસભા વિસ્તારના બુથ નં.૧૩૦ ખાતે, રાષ્ટ્રીય મહામંત્રી ભૂપેન્દ્ર યાદવ અમદાવાદના દાણીલીમડા વિધાનસભા વિસ્તારના દાણીલીમડા ચોક, બુથ નં. ૧૦૭ પાસે, જયારે રાષ્ટ્રીય મહામંત્રી ડો. અનિલ જૈન ગાંધીનગર ઉત્તર વિધાનસભા વિસ્તારના વોર્ડ નં. ૪ ખાતે ઉપસ્થિત રહેશે.

જયારે પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણી પોતાના જ મત વિસ્તાર ભાવનગર પશ્ચિમના કુંભારવાડા વોર્ડના બૂથ નં. ૮૫ ખાતે ઉપસ્થિત રહેશે.

જયારે પ્રદેશ સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા અમદાવાદના વેજલપુર વિધાનસભા ક્ષેત્રના બુથ નં. ૭૪, સોમેશ્વર કોમ્પ્લેક્ષ પાસે, મુખ્યમંત્રી વિજય રૂપાણી મોરવા હડફ વિધાનસભા ક્ષેત્રના મોરવા ગામે ઉપસ્થિત રહેશે.

જયારે રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ તેમના જ મત વિસ્તાર એવા મહેસાણા વિધાનસભા ક્ષેત્રમાં બુથ નં. ૨૨, વોર્ડ નં. ૩ મહેસાણા ખાતે, જયારે પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ વલસાડ ખાતે નગરપાલિકા વિસ્તારમાં ઉપસ્થિત રહેશે.

## ગુજરાતની પ્રજા હવે રાહુલ ગાંધીને ઘડાયેલા અને નિપૂર્ણ રાજકારણી તરીકે જુએ છે : માધવસિંહ સોલંકી

ગુજરાતની પ્રજા હવે રાહુલ ગાંધીને એક ઘડાયેલા અને નિપૂર્ણ રાજકારણી તરીકે જોવા લાગી છે તેવું રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ



સોલંકીએ રાહુલ ગાંધીને કહ્યું હતું.

ગુજરાતની બેદિવસીય મુલાકાતે આવેલા કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ આજે સવારે રાજયના પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીની મુલાકાત લીધી હતી. આ મુલાકાતમાં પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીએ રાહુલ ગાંધીને જણાવ્યું હતું કે, હવે હું તમને નવા જ રૂપમાં જોઈ રહ્યો છું.

પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહે રાહુલ ગાંધીને એમ પણ કહ્યું હતું કે, હું જ નહીં હવે ગુજરાતની જનતાને પણ લાગી રહ્યું છે કે તમે સંપૂર્ણ રીતે બદલાઈ ગયા છો. હવે તમને ગુજરાતની જનતા એક ઘડાયેલા અને નિપૂર્ણ રાજકારણીના રૂપમાં જોઈ રહી છે.

માધવસિંહ સોલંકીના પત્નીનું થોડા સમય અગાઉ નિધન થયું હતું. જેના સંદર્ભે કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી આજે સવારે માધવસિંહ સોલંકીને મળવા ગયા હતા. આ સમયે માધવસિંહે રાહુલ ગાંધી સાથે પોતાના અને રાજીવ ગાંધી સાથેના જુના સંસ્મરણોને વાગોળ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, માધવસિંહ સોલંકીના નેતૃત્વમાં કોંગ્રેસે ૧૯૮૫ની વિધાનસભાની ચૂંટણીમાં ૧૪૯ બેઠકો જીતીને એક રેકોર્ડ બનાવ્યો હતો. જો કે તે આજ દિન સુધી અકબંધ રહ્યો છે. માધવસિંહ સોલંકીને ગુજરાતમાં 'ખામ' થિયરીના પ્રણેતા માનવામાં આવે છે.

### પિતા-પુત્રની જોડી બે બે વખત પ્રદેશ પ્રમુખ બન્યા

માધવસિંહ સોલંકી વર્તમાન પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીના પિતા છે. આ પિતા-પુત્રની એક એવી જોડી છે કે બંને જણા ગુજરાત કોંગ્રેસના બે બે વખત પ્રમુખ બનવાની સિદ્ધિ ધરાવે છે..

## ગુજરાત વિધાનસભાની ચૂંટણી પ્રચારમાં ફિલ્મ કલાકારો પણ જોડાશે

ગુજરાત વિધાનસભાની ચૂંટણી પ્રચારમાં રાજકીય પક્ષો દ્વારા ફિલ્મ અને ટેલિવિઝનના સુપરસ્ટાર સહિતના ફેમસ કલાકારોને પ્રચારમાં ઉતરવાનો નિર્ણય કર્યો છે.

ભાજપનાં ચૂંટણી પ્રચારમાં સલમાન ખાન, અક્ષય કુમાર અને અજય દેવગણ, વિવેક ઓબેરોય, જેકી શ્રોફ, ટાઈગર શ્રોફ, શિલ્પા શેટ્ટી, શમીતા શેટ્ટી, બિપાશા બસુ, પ્રિતી ઝિંટા સહિત હેમા માલિની અને મનોજ તિવારી તેમજ ગુજરાતી ફિલ્મ કલાકારોમાં નરેશ કનોડિયા, હિતુ, રોમા માણેક, ઓસમાણ મીર અને અરવિંદ વેગડા તેમજ તારક મહેતા કા ઉલ્ટા ચશ્માના સ્ટાર કાસ્ટ સહિતના ગુજરાતી કલાકારો ઉપરાંત ક્રિકેટર યુસુફ પઠાણ અને ઈરફાન પણ પ્રચારમાં જોડાશે તેમ કહેવામાં આવી રહ્યુ છે. જયારે મહિમા ચૌધરી, અમિષા પટેલ, રીતેશ દેશમુખ, નગ્મા સહિતના કલાકારો કોંગ્રેસના મંચ પરથી લોકોને આકર્ષવાનો પ્રયાસ કરશે.

## રાહુલ ગાંધી સમાજને વિભાજીત કરવાનું કામ કરી રહ્યા છેઃ ડૉ. જીતેન્દ્રસિંહ

વિધાનસભા ચૂંટણીને લઈને ભાજપ રણનીતિ બનાવી રહી છે. સુરતમાં કેન્દ્રિય પ્રધાન ડૉ. જીતેન્દ્રસિંહે ભાજપના ૧૨ ઉમેદવારો સાથે બેઠક યોજી હતી અને ચૂંટણીલક્ષી રણનીતિ તૈયાર કરી હતી. રાહુલ ગાંધી સમાજને વિભાજીત કરવાનું કામ કરી રહ્યા હોવાનો તેમણે આરોપ લગાવ્યો હતો.

આ બેઠકમાં કેન્દ્રના આશિષ સેલાર અને વી.સતીશ પણ હાજર રહ્યા હતા. જ્યાં દક્ષિણ ગુજરાતના સંગઠન, પ્રભારી તેમજ ભાજપના આગેવાનો પણ હાજર રહ્યાં હતાં. જીતેન્દ્રસિંહે રાહુલ ગાંધી પર નિશાન તાકતાં કહ્યું કે, રાહુલ ગાંધી સમાજને વિભાજીત કરવાનું કામ કરી રહ્યા છે. મોદી સરકારનું શાસન આવ્યા બાદ દરેક સમાજના લોકો હવે સુરક્ષિત અનુભૂતિ કરી રહ્યા છે. પ્રતિવર્ષ મોદીની લોકપ્રિયતા વધી રહી છે. હવે મોદી નો જાદુ ચાલી રહ્યો છે.

## ગુજરાતમાં બેરોજગારીના ખોટા આંકડાઓ સંદર્ભે સર્જાયો વિવાદ

કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ ગુજરાતમાં ચૂંટણી પ્રચાર વખતે અલગ-અલગ મુદ્દાઓ પર રાજ્ય અને કેન્દ્ર સરકારને ઘેરવાનો પ્રયાસ કર્યો છે. દરેક મંચ પરથી રાહુલે યુવાઓની બેરોજગારી અંગે મોદી સરકારને પ્રશ્નો કર્યા છે સાથે જ ગુજરાતમાં જનસભા વખતે રાહુલે ભાજપ સરકાર પર ટાટા મોટર્સને મદદ કરવાનો પણ આરોપ લગાવ્યો છે. રાહુલના આરોપો વચ્ચે ભાજપે પણ સતત વળતા પ્રહારો કર્યા છે. ભાજપે પણ રાહુલ પર ખોટા તથ્યો રજૂ કરીને જનતાને ગેરમાર્ગે દોરવાના આરોપ લગાવ્યા છે.

પાર્ટી તરફથી આ અંગેના સત્તાવાર વીડિયો પણ જારી કરવામાં આવ્યા છે. ભાજપે એક વીડિયો જારી કર્યો છે જેમાં રાહુલ ગાંધીના બે અલગ-અલગ ભાષણોની તુલના કરવામાં આવી છે. જેમાં રાહુલના પોરબંદર અને અમદાવાદના ભાષણના બે ભાગનો સમાવેશ કરવામાં આવ્યો છે. પહેલા ભાગમાં પોરબંદરની જનસભામાં આપવામાં આવેલા ભાષણનો એક અંશ રજૂ કરવામાં આવ્યો છે.

આ વીડિયોમાં રાહુલ એવું ભાજપના આઈટી સેલના અધ્યક્ષ અમિત માલવીયએ આ વીડિયો શેર કરતાં લખ્યું કે રાહુલ ગાંધી ગુજરાતમાં બેરોજગારીના ખોટા



કહેતાં સાંભળી શકાય છે કે 'ગુજરાતમાં ૫૦ લાખ યુવાનો શા માટે બેરોજગાર છે.' જયારે વીડિયોનો બીજો ભાગ રાહુલ ગાંધીએ અમદાવાદમાં આપેલા ભાષણનો છે. જેમાં તેઓને કહેતાં સાંભળી શકાય છે કે ગુજરાતમાં ૩૦ લાખ યુવાનો બેરોજગાર છે. આંકડાઓ રજૂ કરતાં ઝડપાઈ ગયાં છે. તેમણે ગણતરીના કલાકોમાં બેરોજગારીનો આંક ૨૦ લાખ ઘટાડી દીધો. ઉલ્લેખનીય છે કે રાહુલ ગાંધી ગુજરાતના બે દિવસીય પ્રવાસે છે. શુક્રવારે પ્રવાસના પ્રથમ દિવસે તેમણે પોરબંદર ને અમદાવાદમાં જનસભાનું સંબોધન કર્યું હતું.

## બાપુનગર બેઠક માટે કોંગ્રેસમાં ભારે ધમાસાણ

### હિંમતસિંહ વિરૂધ્ધ સૂત્રોચ્ચાર : નરોડા બેઠક પરથી પણ સિંધી સમાજના આગેવાનને ટિકિટ ફાળવવા માટેની માંગ

અમદાવાદ,તા.૨૫

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈ ટિકિટ ફાળવણીના પ્રશ્ને ભાજપ અને કોંગ્રેસમાં અમદાવાદ સહિત વિવિધ બેઠકો પર ભારે નારાજગી, દેખાવો અને વિરોધના વંટોળ સામે આવી રહ્યા છે. અમદાવાદમાં બાપુનગર બેઠક પર હિંમતસિંહ પટેલને કોઈપણ હિસાબે ટિકિટ નહી ફાળવવાની માંગણી સાથે કોંગ્રેસના કાર્યકરોએ આજે પ્રદેશ કોંગ્રેસ કચેરી ખાતે ઉગ્ર દેખાવો અને વિરોધ યોજયો હતો. કેટલાક કાર્યકરોએ પ્રદેશ કોંગ્રેસ સમિતિ ખાતે જ જાહેરમાં મુંડન કરી હિમંતસિંહ સામે વિરોધ વ્યકત કર્યો હતો અને કોંગી હાઈકમાન્ડ દ્વારા તેને ટિકિટ નહી આપવા માંગણી કરાઈ હતી.

કોંગ્રેસના કાર્યકરો આજે મોટી સંખ્યામાં કોંગ્રેસ કાર્યાલય(પ્રદેશ કોંગ્રેસ કચેરી) ખાતે પહોંચ્યા હતા અને કોંગી આગેવાનોને બાપુનગરની બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર તરીકે હિંમતસિંહ પટેલને કોઈપણ સંજોગોમાં ટિકિટ નહી આપવા માંગણી કરી હતી. કોંગી કાર્યકરોએ હિંમતસિંહ પટેલ સામેનો પોતાનો રોષ અને વિરોધ સ્પષ્ટ રીતે વ્યકત કર્યો હતો. તેમણે હિંમતસિંહ પટેલ ત્રણ-ત્રણ વાર હારી ગયા હોઈ હવે તેમના બદલે આ વખતે દિનેશ શર્માને ટિકિટ ફાળવવા પણ માંગણી કરી હતી. કેટલાક કોંગ્રેસના કાર્યકરોએ તો પ્રદેશ કોંગ્રેસ કચેરી ખાતે જ જાહેરમાં મુંડન કરાવી ઉગ્ર આક્રોશ વ્યકત કર્યો હતો. રોષે ભરાયેલા કોંગી કાર્યકરોએ નહી ચલેગી, નહી ચલેગી, ગેહલોત કી સેટીંગ નહી ચલેગી અને બાર બાર હારા હે, ફિર ભી દિલ્હીમાં મેં પ્યારા હે ના જોરદાર નારા અને સૂત્રોચ્ચાર પોકાર્યા હતા અને વાતાવરણ ગજવી મૂકયુંહતુ. કોંગ્રેસના કાર્યકરો દ્વારા નરોડા બેઠક પરથી પણ સિંધી સમાજના કોઈ આગેવાનને જ આ વખતે ટિકિટ ફાળવવાની માંગણી કરવામાં આવી હતી.

## ટિકિટ ફાળવણીના અસંતોષને શાંત કરવા સંઘના કેટલાક નેતા મેદાનમાં

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં અમદાવાદ શહેરની ૧૬ અને જિલ્લાની પાંચ મળીને કુલ ૨૧ પૈકીમાંથી ભાજપ માટે ટોપ ગ્રેડની ગણાતી ૮થી ૧૦ બેઠકો ખૂબ જ પ્રતિષ્ઠિત છે. જેના માટે દર ચૂંટણીમાં સૌથી વધુ માથાકુટો કરવી પડતી હોય છે.

આ ચૂંટણીમાં સ્થિતિ વધુ ખરાબ છે આવી કેટલીક બેઠકો પર કોને ટિકિટ મળશે અને કોને નહિ મળે તેનો નિર્દેશ મળી ગયો હોવાથી અસંતોષ ઉભો થઈ રહ્યો છે. ઉમેદવારની જાહેરાત બાદ વધુ ભડકો ન થાય તે માટે સંઘના કેટલાક નેતાઓએ મેદાનાં આવી ડેમેજ કંટ્રોલનું કામ શરુ કર્યું છે.





### વિરમગામમાં ડો. તેજશ્રીબહેન સામે સ્થાનિક કક્ષાએ જબરજસ્ત આક્રોશ : અન્ય દાવેદારોને મનાવવાના પ્રયાસો

અમદાવાદ જિલ્લાની વિરમગામ બેઠક પરથી ચૂંટણી લડવા માટે ભાજપના કેટલાક આગેવાનો છેલ્લા બે વર્ષથી સખત મહેનત કરતા હતા પરંતુ કોંગ્રેસમાંથી ચૂંટણી જીતેલા અને ભાજપમાં આવી ગયેલા ડો. તેજશ્રીબહેન પટેલને વિરમગામની ટિકિટ આપવાનો નિર્ણય લેવાઈ ગયો છે.

જેથી સ્થાનિક કક્ષાએ રોષ પરાકાષ્ટાએ પહોંચ્યો છે. ખુદ જ ભાજપના જ આવા અગ્રણીઓએ અને કાર્યકરો 'આયાતી' ઉમેદવારને હરાવવા માટે કામ કરશે એવી ભીતિ ઉભી થઈ છે. આ બધું અટકાવવા માટે ગઈકાલે રાત્રે સંઘના અમુક નેતાઓએ વિરમગામ અને બાદમાં વઢવાણ જઈને બેઠકો કરી હતી.

## ૨૦૧૭ના ઈલેક્શન પછી ગુજરાતના મુખ્યમંત્રી કોણ ? પાર્ટી બે ડેપ્યુટી CM પણ આપી શકે છે!

ગુજરાત વિધાનસભાની ચૂંટણી હાલના મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્વમાં લડાઈ રહી છે પરંતુ તેઓ જ મુખ્યમંત્રી થશે તે નક્કી નથી. ભાજપને બહુમતિ આવશે તો ભાજપમાં મુખ્યમંત્રી કોણ હશે તે હજી પ્રશ્નાર્થ છે, પરંતુ સૂત્રો કહે છે કે વિજય રૂપાણીનો ટ્રેક રેકોર્ડ જોતાં ભાજપનું હાઈમાન્ડ પસંદગીનો કળશ તેમની પર ઢોળે તેમ મનાય છે. જો કે તેમની સાથે હવે એક નહીં પણ બે નાયબ મુખ્યમંત્રી હોઈ શકે છે.

શાસનના આટલા સમયમાં વિજય રૂપાણીએ ૫૦૦ જેટલા નાના-મોટા નિર્ણયો લીધા છે અને એવો દાવો છે કે તેમણે ૪૦ લાખ જેટલા વ્યક્તિગત પ્રશ્નો ઉકેલ્યા છે. ગુજરાતમાં હાલ સમાજનું કોઈ આંદોલન પણ ચાલી રહ્યું નથી તે વિજય રૂપાણીની સૌથી મોટી ઉપલબ્ધિ ગણવામાં આવે છે. ગુજરાતને એક સીએમ એવા મળ્યા છે કે જેઓ મળતાવડા અને સોબર પ્રકૃતિના છે. ભલે તેઓ સ્વતંત્ર નિર્ણય લઈ શકતા નથી પરંતુ મુલાકાતીઓને પ્રેમથી મળે છે અને તેમને સાંભળે છે.

ગુજરાતમાં ૧૯૯૫માં પ્રથમવાર કેશુભાઈ પટેલ ભાજપના મુખ્યમંત્રી બન્યા હતા. તેમના પછી સુરેશ મહેતા ભાજપના મુખ્યમંત્રી હતા. સંજોગોએ તેમને આ પદ આપ્યું હતું પરંતુ બહુ લાંબો સમય આ પદ તેઓ ટકાવી શક્યા ન હતા. ૧૯૯૮માં થયેલી વિધાનસભાની ચૂંટણી કેશુભાઈ પટેલના નેતૃત્વમાં લડવામાં આવી હતી પરંતુ તેમને ૨૦૦૧માં ગાદી છોડવી પડી હતી. ૨૦૦૧ થી ૨૦૧૪ સુધી નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી રહ્યાં છે. તેમના ૧૩ વર્ષના સમયગાળામાં વિધાનસભાની ૨૦૦૨, ૨૦૦૭ અને ૨૦૧૨ એમ કુલ ત્રણ ચૂંટણી આવી હતી અને તેમાં નેતૃત્વ એકમાત્ર નરેન્દ્ર મોદીએ લીધું હતું. આ ત્રણેય ચૂંટણીમાં મોદી સફળ પુરવાર થયા હતા.

મુખ્યમંત્રીના પદ ઉપર મોદીએ આનંદીબહેન પટેલને બેસાડ્યા હતા. એ વખતે ગૌરવ સાથે કહેવાતું હતું કે ભાજપે ગુજરાતમાં પ્રથમ મહિલા મુખ્યમંત્રી આપ્યા છે પરંતુ તેમનો ટેન્યોર ઓછો રહ્યો છે. પાટીદાર અનામત આંદોલન અને સ્થાનિક ચૂંટણીઓમાં હારના કારણે તેમને





ખુરશી છોડવી પડી હતી. તેમના ગયા પછી વિજય રૂપાણી હાલ ગુજરાતના મુખ્યમંત્રી છે. ગયા વર્ષે ઓગષ?ટમાં જયારે ગુજરાતના મુખ?યમંત્રી તરીકે વિજયભાઈ રૂપાણીની પસંદગી કરવામાં આવી તો અનેક લોકોને આંચકો લાગ?યો હતો પરંતુ ભાજપના ટોચના નેતાઓએ એ બાબતની પુષ?ટી કરી હતી કે, ગુજરાત વિધાનસભાની આવી રહેલી ચૂંટણી તેમના નેતૃત?વમાં લડવામાં આવશે.

જ્ઞાતિએ જૈન એવા વિજય રૂપાણી પોલીટીકલ લાઈટવેટનું વ?યકિતત?વ ધરાવે છે. જૈન સમુદાય મતદારોની દ્રષ્ટીએ નાનો છે પરંતુ તેનું ગુજરાતમાં વજન વધારે છે. કહેવાય છે કે અમિત શાહને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવ્યા ન હોત તો તેઓ નરેન્દ્ર મોદીના ઉત્તરાધિકારી બન્યા હોત. હાલ ગુજરાતમાં મુખ્યમંત્રી ઉપરાંત એક નાયબ મુખ્યમંત્રી તરીકે નિતીન પટેલ છે તેમને પાર્ટીએ પાટીદારોને આકર્ષવા માટે આ નવી પોસ્ટ આપી છે પરંતુ ૨૦૧૭ની ચૂંટણી પછી ભાજપ નાયબ મુખ્યમંત્રી તરીકે બે પોસ્ટ ક્રિયેટ કરે તો નવાઈ પામવા જેવું નથી.

ઉત્તરપ્રદેશની ચૂંટણી પછી યોગી આદિત્યનાથને ભાજપે મુખ્યમંત્રી બનાવ્યા છે પરંતુ તેમની સાથે બે નાયબ મુખ્યમંત્રી આપ્યા છે. ગુજરાતમાં ૧૯૯૧-૯૨માં ચીમનભાઈ પટેલે બે નાયબ મુખ્યમંત્રી પોસ્ટ ઉભી કરી હતી જે પૈકી એક પોસ્ટમાં નરહરિ અમીન અને બીજી પોસ્ટમાં સી.ડી.પટેલને મૂક્યા હતા પરંતુ સરકારમાં ખટરાગ થતાં સી.ડી.પટેલે રાજીનામું આપી દીધું હતું. હવે ૨૦૧૭માં ગુજરાતમાં વન પ્લસ ટુ ની ફોર્મ્યુલા આવી શકે છે, કારણ કે ભાજપને પાટીદાર અને ઓબીસ સમુદાયને સાચવવાના છે.

૨૦૧૭ની ચૂંટણી પછી અમિત શાહ ગુજરાતમાં પાછા ફરે તેવી શક્યતાનો ઈન્કાર કરતાં પાર્ટીના સૂત્રો કહે છે કે અમિત શાહ માટે હવે ગુજરાતનું પદ ખૂબ નાનું છે. તેમના માથે ૨૦૧૭ અને ૨૦૧૮ની રાજ્યોની વિધાનસભાની ચૂંટણીઓ તેમજ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીની જવાબદારી છે. અમિત શાહને પાર્ટીએ ખૂબ મોટી જવાબદારી આપી છે તેથી તેઓ ગુજરાતના મુખ્યમંત્રી બને તેવી કોઈ શક્યતા જોવાતી નથી.

હાલ વિજય રૂપાણી ઉત્તમ સરકાર ચલાવે છે અને તેઓ કોઈ કોન્ટ્રોવર્સીમાં પણ ફસાયા નથી તેથી પાર્ટીને તેમની પર મોટો ભરોસો છે. તેમના હાથ મજબૂત કરતા પાર્ટીના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી, નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ અને આરોગ્યમંત્રી શંકર ચૌધરી મદદ કરી રહ્યાં છે. પ્રદેશ પાર્ટીમાં વિજય રૂપાણીના નેતૃત્વ સામે કોઈને વાંધો નથી તેવું પણ પાર્ટીએ એસેસમેન્ટ કર્યું છે.

**ચૂંટણી વિજય રૂપાણીના નેતૃત્વમાં જ લડાવાની છે તેથી તેઓ પ્રથમ હક્કદાર છે : સંજોગોએ ઝર બનાવ્યા તે બહું લાંબુ શાસન કરી શક્યા નથી, રૂપાણી અપવાદ છે : વડાપ્રધાન નરેન્દ્ર મોદીને હજી ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી પણ જીતવાની છે**